સ્વકેન્દ્રિતા જ બધા ઉત્પાતનું મૂળ છે, 'સ્વ' ભલે હોય, પણ તેને કેન્દ્ર ન બનાવો
- ઇસુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૭૬ | ૧૯ ડિસેમ્બર, ૨૦૧૪, શુક્રવાર ; માગશર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ફાયર સિસ્ટમ વિના ૧૪ ડૉમ ઉભા કરાયા

## વાઈબ્રન્ટ એક્ઝીબીશન : નો ફાયર સેફ્ટી



## ગ્લોબલ ટ્રેડ શો જોવા ૨૦ લાખ મુલાકાતીઓ આવે તેવો અંદાજ : લાખો મુલાકાતીઓની સેફ્ટી રામ ભરોસે : અમદાવાદ ચિફ ફાયર ઓફીસરે એન.ઓ.સી. આપતા પહેલા કરેલા ચેકીંગમાં ઝીરો સેફ્ટી ધ્યાને આવી..!

ગાંધીનગર, તા. ૧૮

જાન્યુઆરીમાં ૮ થી ૧૩ તારીખ સુધી ગાંધીનગરમાં યોજાનાર ગ્લોબલ ટ્રેડ શૉ ૨૦૧૫ માં એક્ઝીબીશન સેન્ટર ખાતે ૨૦ લાખ મુલાકાતીઓના આગમનનો અંદાજ છે. આટલી મોટી સંખ્યામાં જે સ્થળે મુલાકાતીઓ આવવાના છે તે એક્ઝીબીશન સેન્ટર ખાતે અત્યંત જરૂરી એવી હાઈપ્રેશર ફાયર ફાઈટીંગ સિસ્ટમ લગાડ્યા વિના જ ૧૪ તોતીંગ ડૉમ ઉભા કરી દેવામાં આવ્યા છે. દુર્ભાગ્યવશ આ કાર્યક્રમમાં કોઈ આગ દુર્ઘટના સર્જાય તો તંત્ર પાસે લમણે હાથ મુકીને બેસી રહેવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. આજે અમદાવાદ ચિફ ફાયર ઓફીસર દસ્તુરે એનઓસી આપતા પહેલા કરેલા ચેકીંગમાં આ વિસ્તારની ઝીરો સેફ્ટીની ગંભીર બાબતો બહાર આવવા પામી છે.

ગુજરાત રાજ્ય ઉપરાંત સમગ્ર દેશ-વિદેશની હાલનાં તબક્કે જ્યાં નજર છે તેવા વાયબ્રન્ટ સમિટમાં મહાત્મા મંદિર ખાતેના કાર્યક્રમો ઉપરાંત સે. ૧૭ હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે એક્ઝીબીશન સેન્ટરમાં ગ્લોબલ ટ્રેડ શૉ પણ યોજાનાર છે. સરકારને અંદાજ છે કે આ ગ્લોબલ ટ્રેડ શૉ જોવા ૨૦ લાખ મુલાકાતીઓ ગાંધીનગર આવશે. એક્ઝીબીશન સેન્ટર ખાતે ૧૨ કાયમી ડૉમ અને બે મોટા ટેમ્પરરી ડૉમ મળીને ૧૪ તોતીંગ ડૉમ ઉભા કરી દેવામાં આવ્યા છે. કેટલાક ડૉમને રાત-દિવસ મજૂરોને કામે લગાડી આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ૮ જાન્યુ.થી ૧૩ જાન્યુઆરી સુધી યોજાનાર ગ્લોબલ ટ્રેડ શૉ-૨૦૧૫ માં ૨૦ લાખ મુલાકાતીઓ આવવાનો સરકારને અંદાજ હોવા છતાં આ સ્થળે ફાયર સેફ્ટી અંગેની ભયંકર પોલમપોલ જોવા મળી છે. ચોંકાવનારી બાબત તો એ છે કે બાંધકામ પહેલા લગાડવામાં આવતી હાઈપ્રેશર ફાયર ફાઈટીંગ સિસ્ટમ પણ એકેય ડૉમમાં લગાડ્યા સિવાય તોતીંગ ડૉમ ઉભા કરી દેવામાં આવ્યા છે. તે ઉપરાંત એક મોટા ડૉમમાં અંદાજે ૨૦ જેટલા પોર્ટેબલ ફાયર એસ્ટીંયુઝર મુકવા પડે...! એટલે કે ૧૪ ડૉમમાં અંદાજે અઢીસો જેટલા પોર્ટેબલ ફાયર એસ્ટીગ્યુંઝર સાવચેતીના ભાગરૂપે મુકવા પડે..! આ કોઈ જ પ્રકારની ફાયર સેફ્ટીને ધ્યાને લેવામાં આવી નથી. અમદાવાદ ચિફ ફાયર ઓફીસર દસ્તુરે એનઓસી આપતા પહેલા આજે એક્ઝીબીશન સેન્ટરે કરેલા ચેકીંગમાં આ અત્યંત ગંભીર અને ચોંકાવનારી બાબતો બહાર આવવા પામી છે.

# કલોલમાં ધારાસભ્યે જ મંત્રી સામે કાળા વાવટા બતાવ્યા

## એક જ સપ્તાહમાં બીજીવાર મંત્રી સામે કોંગી આગેવાનો દ્વારા કાળા વાવટા દર્શાવ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના રવિ કૃષિ મહત્સવમાં ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરની નેતૃત્વમાં કોંગ્રેસી કાર્યકરોએ કાળા વાવટા ફરકાવી મંત્રીશ્રી બોખીરીયા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

એક જ સપ્તાહમાં બીજીવાર મંત્રીમંડળના સભ્ય સામે કાળા વાવટા દર્શાવવાની ઘટના બનતાં પોલીસનું આઈ.બી. તંત્ર ઊંઘતુ ઝડપાયું હતું.

આજે કૃષિ મહોત્સવની ઉજવણી સારા વાતાવરણમાં શરૂ થઈ હતી. ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરની ઉપસ્થિતિ હતી અને તેમને મંચ પર સ્થાન આપવામાં આવ્યું હતું.

પહેલાં તેમને પ્રવચનમાં નહિ સમાવાયા હોવાને લઈ ગણગણાટ શરૂ થયો હતો. આયોજકોને ખ્યાલ આવતાં જ તેમનું નામ પ્રવચન માટે સામેલ કરી દેવાયું હતું.

શ્રી ઠાકોરે તેમના પ્રવચન દરમ્યાન રાજકોટમાં ખેડૂતની આત્મહત્યાનો બનાવ ટાંકી અને કપાસના ભાવનો મુદ્દો છેડી સરકાર સામે આક્ષેપોનો મારો ચલાવ્યો હતો તેમજ એકદમ જ તેમના ખીસ્સામાંથી કાળો વાવટો બહાર કાઢી તે ફરકાવી જણાવ્યું હતું કે કોંગ્રેસ સમર્થીત ૨૦૦ થી વધુ ખેડૂતોને અહિ આવતા અટકાવવામાં આવ્યા છે.

શ્રી ઠાકોરના આ દેખાવ પછી પ્રેક્ષકોમાં બેઠેલા કોંગ્રેસના તેમજ તેના સાથી સંગઠનોના હોદ્દેદારોએ કાળા વાવટા ફરકાવ્યા હતા.

પોલીસે પરિસ્થિતિને પામી જઈ શ્રી ઠાકોર સહિત ૨૫ જેટલા લોકોને સભાસ્થળેથી દૂર કરી અને અટકમાં લીધા હતા. જો કે અવસર વીતે બધાને છોડી મુકવામાં આવ્યા હતા.

શ્રી બળદેવજી ઠાકોરે જણાવ્યું હતું કે ખેડૂતોના મેળામાં ભાજપના હોદ્દેદારોને સ્થાન આપી સમારોહને રાજકીય રૂપ આપવામાં આવ્યું હતું. તેનો તેમણે વિરોધ કર્યો હતો.

તેમણે કહ્યું કે તંત્રની આડાશમાં ભાજપ પોતાની રાજકીય રોટલી શેકવાનો જે પ્રયાસ કરે છે તે નીંદનીય છે.

કલોલ તાલુકાના કૃષિ મહોત્સવમાં ૨૫૦ થી વધુ લાભાર્થીઓને ૧૯ લાખથી વધુ સહાયના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આજના કૃષિમહોત્સવમાં રાજ્યના કૃષિમંત્રી શ્રી બોખીરીયા ઉપરાંત યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડના શ્રીમતિ ભાવનાબેન દવે ઉપસ્થિત રહ્યા હતા.



સાંસ્કૃતિક અભિવ્યક્તિ - ગાંધીનગર સ્થિત દિલ્હી પબ્લીક સ્કૂલના વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં બાળકોએ ગો-ગ્રીન, સેવ લાઈફ - સેવ અર્થ થીમ પર અદ્દભૂત કાર્યક્રમ રજૂ કર્યો હતો. બાળકોની આ અભિવ્યક્તિને રાજ્યના રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીએ બિરદાવી હતી.

# ગાંધીનગર સિવિલમાં દર્દીઓની સંખ્યામાં વધારો

## નવા સંકુલમાં વોર્ડ હાઉસફુલ થતાં દર્દીઓ માટે પથારી ખુટી પડી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૧૫૦ જેટલી પથારીની સુવિધા વધારાયાના પગલે નવા સંકુલમાં પણ દર્દીઓ ઉભરાતાં નીચે પથારી કરી સારવાર આપવી પડે તેવી સ્થિતિ ઉભી થતાં સિવિલ સત્તાવાળાઓમાં દોડધામ મચી જવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં શિયાળાની ઠંડીને પગલે શ્વાસ, કફ અને અન્ય રોગના દર્દીઓની સંખ્યામાં જોરદાર વધારો નોંધાયો છે. ગાંધીનગર સિવિલમાં ગઈકાલે દર્દીઓ મેડીસીન વોર્ડમાં ઉભરાતા ૧૨૦ જેટલી પથારીની સુવિધા ઓછી પડી હતી. એક તબક્કે દર્દીઓને નીચે સુવાડવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

## કડજોદરા અને દેવના મુવાડાના દવાખાને આરોગ્ય કમિશનર જઈ ચડ્યા

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના આરોગ્ય કમિશનરશ્રી ગુપ્તા આજે સવારે દહેગામ તાલુકાના કડજોદરા અને દેવકરણના મુવાડા ગામે આરોગ્ય કેન્દ્રોની સરપ્રાઈઝ તપાસ માટે પહોંચી ગયા હતા.

તેમણે બન્ને આરોગ્ય કેન્દ્રના ખૂણેખૂણાની તપાસ કરી સ્વચ્છતા અંગેની કેટલીક નોંધ કરી હોવાનું જાણવા મળેલ છે. તેમને ડૉક્ટર હાજર નહિ હોવાનું જણાવ્યું હતું પરંતુ તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે તાલુકા આરોગ્ય અધિકારીનો ચાર્જ હોવાથી આવુ બનવા પામ્યું હતું.

આ બન્ને આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓની સેવાને લઈ પણ તેમણે કેટલીક બાબતોની ચકાસણી કરી હતી. એકાએક આરોગ્ય કમિશનર પહોંચતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં તબીબી અધિકારીઓ ફરજના સ્થળે રાત્રિ રોકાણ નહિ કરતા હોવાની ફરિયાદ વધી રહી છે તેમજ સમયસર તબીબો આરોગ્ય કેન્દ્રમાં નહિ મળતા હોવાની ફરીયાદો પણ વધવા પામી છે. આ સ્થિતિમાં તંત્ર હવે શુ કાર્યવાહી કરે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.








